ગાંધીનગર સમાચાર

# મોટી ઈસરોલ પાસે ટ્રક-લકઝરી ટકરાતા ચારનાં મોત

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર ગુરૂવાર વહેલી સવારે ૩.૩૦ વાગ્યાના સુમારે લકઝરી બસને પંકચર પડતા પંકચર કરવા લકઝરી બસના ચાલકે રોડ સાઈડ ઉભી



રાખી પંકચર કરવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યાં જ રાજસ્થાન તરફથી પુરઝડપે યમદૂત બનીને ત્રાટકેલા ટ્રકે પાછળથી લકઝરી બસને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લકઝરી બસ આગળ બેઠેલા ૪ લોકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. લકઝરી બસમાં બેઠેલા ૧૫ મુસાફરોના સરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ ૧૦૮ એમ્બ્યુલન્સ અને ટ્રાફિક એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે મોડાસા રૂરલ પોલીસ દોડી આવી ક્રેન દ્વારા મૃતદેહને કાઢી ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસાના મોટી ઈસરોલ ગામ નજીક ગુરૂવારે વહેલી સવારે રાજસ્થાનથી સુરત જઈ રહેલ લકઝરી બસને પંકચર પડતા બસના ચાલકે લકઝરી બસ રોડ સાઈડ ઉભી રાખી પંકચર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. લકઝરી બમસાં મુસાફરી કરતા મુસાફરો બસ આગળ ઠંડી હવા ખાવા બેઠા હતા ત્યારે



રાજસ્થાન તરફથી આવતા ટ્રક-ટ્રેલરના ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા ૪ મુસાફરો મોતનો કોળીયો બની ગયા હતા. અકસ્માતના પગલે મુસાફરોએ કીકીયારીયો કરી મુકતા આજુબાજુના ગામ લોકો દોડી આવી રાહતની કામગીરી હાથ ધરી હતી. રાજસ્થાનથી સુરત જતી ખાનગી લકઝરી બસ (ગાડી નં. આરજે૩૦.સીએ.૪૩૧૧) મોટીઈસરોલ ગામની સીમમાં પંકચર પડતા લકઝરી બસના ડ્રાયવરે બસને રોડની સાઈડમાં ઉભી રાખી હતી. લકઝરી બસમાં મુસાફરી કરતા મુસાફરો બસની આગળના ભાગે ઠંડી હવા ખાવા ૧૦ જેટલા મુસાફરો બેઠા હતા. ત્યારે રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ટ્રક (ગાડી નં. આરજે.૦૬.જીબી.૬૮૫૨)ના ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારતા લકઝરી બસની આગળ બેઠેલા ડાલચંદ સુવાલાલજી કલાલ, ડાલચંદ ધરમચંદ કલાલ (મેવાડા)



તથા લાડુલાલ સુખલાલજી કલાલ ત્રણેય રહે. કુડેલી તા. દેવગઢ, જી. રાજસમદ, રાજસ્થાન) અને ધર્મેશભાઈ દેવીલાલ પ્રજાપતી રહે. લાબોડી તા. કુંભલગઢ, રાજસેમદ, રાજ.)નાઓ પર લકઝરી બસ ફરી વળતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. બસની આગળ બેઠેલ અને બસમાં મુસાફરી કરતા ૧૫ જેટલા મુસાફરોના શરીરે ઈજાઓ પહોંચતા તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ ઈમરજન્સી અને ટ્રાફિ એમ્બ્યુલસ દ્વારા તાબડતોડ સારવાર અર્થે મોડાસાની હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ચાર વ્યક્તિઓનું ઘટનાસ્થળે મોત નીપજતાની જાણ થતા દુઃખી જણાતા હતા. મોડાસા રૂરલ પોલીસે પ્રભુલાલ ગીસુલાલજી કલાલની ફરિયાદના આધારે ટ્રકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અકસ્માતના પગલે લકઝરી બસમાં મુસાફરી કરતા મુસાફરોએ જોરદાર ટ્રકની ટક્કર થતા ચીસાચીસ અને બૂમાબૂમ કરી મુકતા અને રડારડ કરી મુકતા વાતાવરણ ગુંજી ઉઠ્યુ હતુ. મોટી ઈસરોલ ગામના ગ્રામજનો પણ શોકમગ્ન બન્યા હતા.

## પ્રાંતિજ નગરપાલિકાના કાઢી નાખેલા સ્ટ્રીટલાઈટના થાંભલા હજુ એમ જ પડ્યા છે

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાને જાણે સોનાની ખાણ હોય તેમ છેલ્લા કેટલાક મહિનાથી સ્ટ્રીટલાઈટના થાંભલા રોડ ઉપર પડી રહ્યા છે અને જેમાંથી કેટલાક થાંભલા જરૂરીયાત લોકો ચોરી ગયા છે અને દુકાનો તથા સોસાયટીઓ આગળ પડી રહેતા વેપારીઓ સહિત રહીશોને હાલાકીઓ પડવા છતાં પાલિકાના સત્તાધિશો દ્વારા સ્ટ્રીટલાઈટના થાંભલાઓ હટાવવામાં આવતા નથી.

મળતી માહિતી મુજબ પ્રાંતિજમાં છેલ્લા પાંચ મહિનાથી રોડ કામને લઈને સાઈડમાં આવતા સ્ટ્રીટલાઈટના થાંભલા જે તે સમયે બહાર કાઢીને પડ્યા છે એ જ સ્થિતિમાં છે અને પાલિકાને આજે પાંચ મહિના ઉપર થયા છતાં આ થાંભલાની કદર કે જરૂર ના હોય તે સ્થિતિમાં આજે પણ પડેલા છે. ત્યારે અગાઉ રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટના થાંભલા નંગ ચારની ચોરી થતા રંગેહાથે ખુદ પાલિકા દ્વારા પકડવામાં આવ્યા હતા. પણ કંઈ રંધાઈ જતા પોલીસ કેસ કરવામાં આવ્યો ન હતો. ત્યારે ફરી પાછા ત્રણ થાંભલાની ચોરી થયા અને જેમાંથી બે થાંભલા તો એક શોપીંગ આગળ કટીંગ કરી કલર મારી ઉભા કરવામાં આવ્યા છે. ત્યારે પાલિકા સત્તાધિશો ઉંઘમાં છે ત્યારે ચીફ ઓફિસર ચેતનસિંહને આ અંગે તેમણે પુછતાં તેમણે જણાવ્યું કે મે રોડની સાઈડમાં પડેલ તથા દુકાનો સોસાયટી આગળથી થાંભલા ઉઠાવી દેવા માટે જે તે લગતા કર્મચારીઓને કહ્યું હતું પણ તેમણે કારણોસર ઉઠાવ્યા નથી. પણ એક બે દિવસમાં જે તે સ્થળ ઉપરથી લઈ લેવામાં આવશે. ત્યારે બીજા ત્રણ થાંભલા ચોરી થયા છે તે અંગે પુછતા તેમણે જણાવ્યું કે મને ખબર નથી પણ જે કોઈ ચોરી કરીને લઈ ગયુ હશે તેમની વિરૂદ્ધ તપાસ બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ત્યારે હાલ તો હજુ પાલિકા દ્વારા સ્ટ્રીટલાઈટના થાંભલાની કદર ના હોય તેમ રોડની આજુબાજુ આમ તેમ પડ્યા છે. ત્યારે હજારો રૂપિયાની ચોરી છતાં પોલીસ ચોપડે ફરીયાદ હજુ સુધી કેમ કરવામાં આવી નથી તે પ્રશ્ન નગરમાં હાલ તો ટોપ ઓફ ધ ટાઉન બન્યો છે. ત્યારે હવે પાલિકા દ્વારા શુ એકશન લેવાશે એ તો જોવાનું રહ્યુ બાકી તો ચલતા હે હોતા હે... જેવી સ્થિતિ છે.



પાલનપુર ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં થયેલા એનએસયુઆઈના ભવ્ય વિજયની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ કલેક્ટરને આવેદનપત્ર આપીને બનાસકાંઠા જિલ્લામાં સરકારી લૉ કોલેજ ફાળવવામાં આવે અને બી.ઈ.ડી. કોલેજની સીટો વધારવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

## મોડાસા આયકર વિભાગ દ્વારા જ્વેલર્સના શો રૂમ પર દરોડો

### સોની નીતિનકુમાર ભાઈલાલ એન્ડ કુ. નામની પેઢી પર સર્ચ ઓપરેશન, અન્ય કરચોરોમાં ફફડાટ ફેલાયો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં આવેલા



સોની નીતિનકુમાર ભાઈલાલ એન્ડ કુ. નામના જ્વેલર્સ શૉ-રૂમ પર બુધવાર સવારથી જ આયકર વિભાગે સર્ચ ઓપરેશન હાથ ધરી મોડી રાત સુધી બંધ બારણે તપાસ હાથ ધરતા સમગ્ર શહેરના જ્વેલર્સ શો-રૂમ અને બેનામી સંપત્તિ ધરાવતા કરચોરોમાં ફફડાટ ફેલાયો હતો.

ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા એકાદ માસ અગાઉ એક સેમીનારનું આયોજન કરી કરદાતાઓને ડિસ્કોલેઝર સ્કીમ અંગે માહિતી આપવામાં આવી હતી અને ત્યાર બાદ ૧૦૦૦ જેટલી નોટીસો ઈશ્યુ કરવામાં આવી હતી. પરંતુ રીસ્પોન્સ ન મળતા આયકર વિભાગ દ્વારા સંભવિત કરદાતાઓની યાદી બનાવી એનાલીસીસ કરવામાં આવી રહ્યું છે. જેના અનુસંધાને મોડાસા આયકર વિભાગની ટીમ દ્વારા મોડાસા શહેરની શ્યામસુંદર શોપિંગ સેન્ટરમાં આવેલી સોની નીતિનકુમાર ભાઈલાલ એન્ડ કુ. નામની જ્વેલર્સ પેઢી પર સર્ચ ઓપરેશન બુધવારની સવારથી બંધ બારણે હાથ ધરવામાં આવ્યું હતું. જે છેક મોડીરાત સુધી સર્વેની કામગીરી ચાલી હતી. જ્વેલર્સના શૉ રૂમ પર ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા સર્ચ ઓપેરશન હાથ ધરી દરોડા પાડવામાં આવ્યાના સમાચાર વાયુવેગે બજારોમાં પ્રસરી જતા અન્ય સોના-ચાંદીનો વ્યાપાર કરતા અને જ્વેલર્સના શૉ-રૂમ માલિકોમાં ફફડાટ ફેલાયો હતો. મોડાસા શહેરમાં જ્વેલર્સના શૉ-રૂમ પર બંધબારણે તપાસ હાથ ધરાતા કરચોરોમાં ધાક પેદા થઈ રહી છે. ડિસ્કલોજર સ્કીમને રીસ્પોન્સ ન આપનારા કરચોરો વિરૂદ્ધ ગાળીયો કસવા આયકર વિભાગે કમર કસી છે. આગામી સમયમાં વધુ કડક પગલા લેવાનાર હોવાનું અને ડિસ્કોલજર સ્કીમને ન ગણકારનારાઓમાં અવરનેસ લાવવા પ્રયાસ થઈ રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. મોડાસાના જ્વેલર્સ પેઢી પર કરાયેલી સર્ચરેડ અંગે પેઢીમાંથી બેનામી આવક મળી કે નહિ તે જાણવા અને આયકર વિભાગ દ્વારા શુ કાર્યવાહિ કરવામાં આવે છે તે જાણવા કરદાતાઓ અધીરા બન્યા છે.

#### મોડાસા આયકર અધિકારી દોશીની જણાવ્યા અનુસાર

બુધવારે મોડાસાના સોની નીતિનભાઈ નામની જ્વેલર્સની પેઢી પર આઈ.ટી. વિભાગ દ્વારા રૂટીન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સવારથી મોડી રાત્રી સુધી ચાલેલા સર્ચ ઓપરેશનમાં જ્વેલર્સ શૉ-રૂમના માલીક બીમાર હોવાથી બોમ્બે હોસ્પિટલમાં દાખલ હોવાથી તેમની પુત્રીને સાથે રાખીને શૉ-રૂમમાં રહેલા દાગીના, હિરા-જવેરાતના અને સોનાના દાગીનાનો સ્ટોક લઈ, સ્ટેટમેન્ટ લઈને કાર્યવાહી ચાલુ રખાઈ છે અને શૉ-રૂમના માલીક સાથે રાખીને વધુ તપાસ હાથ ધરાયા પછી કાળુ નાળુ છેકે નહિ તેની માહિતી મળે.

## કમાલપુર પાસે ઈકોચાલકે બાઈકચાલકને અડફટે લેતા બાઈકચાલકને ગંભીર

### માથાના ભાગે ગંભીર ઈજા થતાં પહેલાં પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે ગાંધીનગર ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના કમાલપુર કોલેજ પાસે આવેલ ચોકડી ઉપર અમદાવાદ તરફથી આવતી ઈકો સાથે બાઈક ચાલક ટકરાતાં બાઈક સવાર ને શરીરે ગંભીર ઈજાઓ થતાં પહેલાં પ્રાંતિજ



અને પછી વધુ સારવાર અર્થે ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યા હતો.

પ્રાંતિજ ના કમાલપુર કોલેજ પાસેઆવેલ ચોકડી ઉપર અમદાવાદ તરફથી ફુલફાસ્ટ આવતી ઈકો કાર નં- GJO2BH4670 સામે થી આવતી બાઈક નંબર- પ્લ૦૯ઝઝૐ૭૫૪ ને ટકકર મારતાં બાઈક ચાલક મુસ્તુફામીયાં ભુરામીયા ઉ.વર્ષ- ૬૦ રહે. પ્રાંતિજ કે જે રોડ ની સાઇડમાં આવતા હતાં તે દરમ્યાન અમદાવાદ થી ઈડર તરફ જતી ઈકો કારે બાઈક ચાલક ને ટકકર મારતાં બાઈક ચાલક ને માથાના ભાંગે ગંભીર ઈજાઓ તેમણે ૧૦૮ માં પ્રાંતિજ આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતાં જયાંથી વધુ સારવાર અર્થે ગાંધીનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયારે અકસ્માત થતા ટ્રાફિક જામ થયો હતો જયારે પ્રાંતિજ પોલીસ ને અકસ્માત અંગેની જાણ થતાં ધટના સ્થળે આવી આગળ ની કાર્યવાહી હાથધરી હતી.

## ટીંબા કંપા ગામે ૨૪ બકરા ચોરી થતા ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના ટીંબા કંપા ગામે રામજીભાઈ હરભમભાઈ રબારીના વાડામાંથી બુધવારે વહેલી સવારના સમયે અજાણ્યા ઈસમોએ ૨૪ બકરા રૂ.૬૦ કિમતના ચોરી કરી લઇ ગયેલ જે અંગે તલોદ પોલીસ મથકે ફરિયાદ નોધાઇ હતી.


## મોડાસા શહેરમાં ચોરી, લૂંટનો સીલસીલો યથાવત

### પાવનસીટી ફ્લેટના રહીશ પર્યુષણના ઉપવાસે જતા ચોરોએ ફ્લેટનું તાળુ તોડી પોણા લાખની ચોરીને અંજામ આપ્યો

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લા અને મુખ્યમથક મોડાસા શહેરમાં રહેણાંક વિસ્તારના મકાનોના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપવાનો ચોર, લૂંટારૂ ટોળકીનો સીલસીલો જારી છે. મોડાસા શહેરના પાવનસીટી ફલેટમાં રહેતા જૈન સમાજનો પરિવાર પર્યુષણ ત્યૌહાર નિમિત્તે ટીંટોઈ ગામે જૈન દેરાસર પારણા કરવા જતા મૌકાનો ફાયદો ઉઠાવતી હોય તેમ ચોર, લુંટારૂઓએ ફ્લેટના આગળના દરવાજાનો નકુચો તોડી ૭૫ હજારનો મુદ્દામાલ સહિત રોકડ રકમની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ચોરીના પગલે જૈન પરિવાર ફ્લેટ ખાતે દોડી આવી ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ચોરાતા મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા ટાઉન પોલીસ ફક્ત ફરિયાદ જ લેવામાં રૂચિ દાખવતી હોય તેમ ચોર-લૂંટાર ગેંગને ઝડપી ન શકતા ચોરી અને લૂંટના ગુન્હાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. પાવનસીટી ફ્લેટના રહીશોમાં ચોરીની ઘટનાથી ફફડાટ ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ મોડાસાના માલપુર રોડ-મેઘરજ રોડ ડીપ રોડ પર આવેલી પાવનસીટી સોસાયટી ફલેટમાં ઘરફોડ ચોરીનો



બનાવ બનવા પામ્યો હતો. પાવનસીટી ફ્લેટના એચ બ્લોક ૨૦૪ નંબર બીજા માળે રહેતા પીન્ટુ એસ. ગાંધી અને તેમનો પરિવાર પર્યુષણનો ત્યૌહાર ચાલતો હોવાથી મોડાસા ટીંટોઈ ગામે ઉપવાસના પારણા કરાવવા ગયા હતા.

બુધવારની રાત્રીએ ચોર, લુંટારૂ ટોળકીએ બંધ ફ્લેટને નિશાન બનાવી ફ્લેટના મુખ્ય દરવાજાને મારેલુ તાળુ તોડી મુખ્ય દરવાજા વાટે મકાનમાં પ્રવેશી ફ્લેટના બેડરૂમમાં આવેલી તિજોરી, કબાટોમાં તોડફોડ કરી સોનાની ચેન, વીંટી, હેરો અને રોકડ રકમ મળી અંદાજે કુલ રૂ. ૭૫ હજારની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા. ગુરૂવારે સવારે ફ્લેટમાં પાડોશમાં રહેતા વ્યક્તિએ બાજુના ફ્લેટનો મુખ્ય દરવાજો અને તાળુ તુટેલુ જોતા ચોરી થયાની જાણ મકાનમાલીકને કરતા ગુરૂવારે સવારે મકાનમાલિક તેમના પરિવાર સાથે દોડી આવી તીજોરી અને કબાટમાં રહેલી રોકડ અને સોના-ચાંદીના દાગીનાની ચોરી થયાનું જણાતા પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી. ચોરીની ઘટના અંગે ફ્લેટ માલિકે મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી ચોર, લૂંટારૂ ગેંગને ઝડપી લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મોટી ઢબાલમાં ઢોર ઉપાડવા બાબતે જાતિ પ્રત્યે અપમાનિત કરાતા ૧૩ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના હિમતનગર તાલુકાના મોટી ઢબાલમાં મંગળવારે રાત્રે ગામમાં ઢોર ઉપાડવા બાબતે જાતિ પ્રત્યે અપમાનિત કરેલ અને ત્યારબાદ દરબારોએ ગામમાંથી કાઢી મુકવાની, દૂધ, પાણી બંધ કરી સહિત જરૂરિયાતની ચીજવસ્તુઓ બંધ કરવાની ધમકી આપતા બુધવારે હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે ૧૩ વિરૂધ્ધ એટ્રોસીટી એકટ મુજબ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે અને ગુરૂવારે મોટી ઢબાલ ગામની જિલ્લા પોલીસવડા, કલેકટર અને પ્રાંત અધિકારીએ મુલાકાત લીધી હતી.

આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કોમલબેન રાઠોડના જણાવાયા મુજબ મોટી ઢબાલમાં નવાવાસમાં રહેતા શૈલેષભાઈ પશાભાઈ ચમારના કાકાના દીકરા લલીતભાઈ ચમાર અને બાબુભાઈ ચમાર ગામમાં ગયા હતા ત્યારે ગામમાં રહેતા બજેસિંહ રહેવરે તેમની ગાયનું મૃત વાછરડું ખેચવા બાબતે કહ્યું હતું. જેથી લલીતભાઈ અને બાબુભાઈએ વાછરડું ખેચવાની ના પાડી હતી. ત્યારબાદ બજેસિંહ તથા તેમના બે દીકરા જયેન્દ્રસિંહ અને ગણપતસિંહે જાતિ પ્રત્યે અપમાનિત કરી તમારે આ કામ કરવું પડશે તેમ કહી જયેન્દ્રસિંહે લલિતભાઈની ફેટ પકડી હતી. દરમિયાન ગામના રહેવર કોમના લોકો એકઠા થઈ લલીતભાઈના ઘરે ગયા હતા.

ત્યારબાદ બજેસિંહે કહેલ કે તમે મૃત પશુ નહિં ખેંચો તો ગામમાંથી કાઢી મુકવાની ધમકી આપી હતી. આ બનાવને લઈને બુધવારે સવારે ગામમાં દૂધ મંડળીએ માણસો ભેગા થયા હતા ત્યાં શૈલેષભાઈને બોલાવતા ભીખાભાઈ, મુલચંદભાઈ, ભગાભાઈ સહિત અન્ય ૧૫ લોકો ગયા હતા. જ્યાં ગામના બજેસિંહ રહેવર તેમના બે દીકરા સહિત ૧૩ જણા હતા મનહરસિંહ રતનસિંહે કહ્યુ હતું કે, તમે મૃત પશુઓ ખેચવાનું બંધ કરશો તો અમે તમારી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ બંધ કરી દઈશુંઅને ગામમાંથી કાઢી મુકીશુંઅને તમારા ઘર સળગાવી દેવાની ધમકીઓ આપી હુમલો કર્યો હતો.